Extra No. 50

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, FEBRUARY 16, 2026 / MAGHA 27, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા :-

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, કરજણના પત્ર ક્રમાંક : નં.એમ.એ.જી/વશી/૦૧/૨૦૨૬, તા. ૦૯/૦૧/૨૦૨૬

(2) કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા અનેમ) વિભાગ, વડોદરા ના પત્ર ક્રમાંક: જા. નં. પીબી/૩૧૬/સને૨૦૨૬ તા. ૨૭/૦૧/૨૦૨૬

(૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય) ના પત્ર ક્રમાંક : ટ્રાફીક/ડાયવર્ઝન/૮૩/૨૦૨૬, તા. ૨૯/૦૧/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/428 To 435/2026.- વાંચ્યા-૧ ના પત્ર થી એસ.ડી.એમ.શ્રી, કરજણએ માલસર ગામનું પૌરાણિક મહત્વ તથા ગામમાં આવેલ આશ્રમો તથા શ્રધ્ધાળુઓની અવર જવરના કારણે ગામના નર્મદા નદીના કિનારાના ભાગોમાં ભારે વાહનોની અવર જવર હિતાવહ જણાતી નથી. માલસર (જિ.વડોદરા) થી અશા (જિ.ભરૂચ) ને જોડતો માલસર અશા બ્રિજની ડાબી બાજુ માલસર ગામ આવેલ છે. માલસર-અશા બ્રિજની ડાબી બાજુ માલસર ગામની હદ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ લીઝ મંજુર થયેલ નથી, જેથી સદર વિસ્તારમાં ભારે વાહનોની અવર જવર અન્વયે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું કરવું હિતાવહ જણાતું હોઈ જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. વાંચ્યા ૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી જિલ્લા (મા×મ) વિભાગ વડોદરાએ માલસર ગામનની નજીક માલસર- અશા બ્રીજ, નર્મદા નદી ઉપર સને ૨૦૨૩-૨૪ માં બનાવવામાં આવેલ છે. સદર બ્રીજનું સ્ટ્રકચર સાઉન્ડ છે પરંતુ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર માટે નિયમ મુજબ વાહન વ્યવહાર કરવાનું હિતાવહ જણાય છે. માલસર ગામનું પૌરાણિક મહત્વ તથા ગામમાં આવેલ આશ્રમો તથા શ્રધ્ધાળુઓની અવર જવરના કારણે સામાન્ય માણસની જાનહાનિ ન થાય તે અર્થે બ્રિજ પરથી ભારે વાહન પર પ્રવેશ, નિયમ મુજબ પસાર થાય તે મુજબ યોગ્ય આયોજન કરવા વિનંતી કરેલ છે. વાંચ્યા -૩ થી એસ.પી.શ્રી, વડોદરા(ગ્રામ્ય) એ માલસર-અશા બ્રીજની ડાબી બાજુ માલસર ગામની હદ પૂર્ણન થાય ત્યાં સુધીકોઈ લીઝ મંજુર થયેલ ન હોય સદર વિસ્તારમાં ભારે વાહનોની અવર-જવર માટે શિનોર પોલીસ સ્ટેશન મારફતે સ્થાનિક આગેવાનો તથા ગામ લોકોના નિવેદનો મેળવેલ છે તેમજ ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. આમ, માલસર ગામનું પૌરાણિક મહત્વ હોય તેમજ ત્યાં આવેલ આશ્રમો તથા શ્રધ્ધાળુઓની અવર-જવર ના કારણે કોઈ જાન હાનિ થાય નહિ તે કારણસર માલસર - અશા બ્રિજની ડાબી બાજુ માલસર ગામની હદ પૂર્ણ

ન થાય ત્યાં સુધીના વિસ્તારમાં ભારેવાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો રસ્તાનો ઉપયોગ કરવા જાહેર જનતાને અપીલ છે.

જાહેરનામું

વાસ્તે, હું અનિલ ધામેલીયા (I.A.S) જિલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ગુજરાતના ૨૨ માની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરા જિલ્લાના, શિનોર તાલુકાના માલસર - અશા બ્રિજની ડાબી બાજુ માલસર ગામની હદ પૂર્ણ ન થાય ત્યાં સુધીના વિસ્તારમાં ભારે વાહનોની અવર - જવર માટે બંધ કરવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છુ.

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માલસર ગામનું પૌરાણિક મહત્વ હોય ગામમાં આશ્રમો તથા શ્રધ્ધાળુઓની અવર-જવર રહેતી હોય કોઈ જાન હાનિ થાય નહિ તે કારણસર માલસર–અશા બ્રિજની ડાબી બાજુ માલસર ગામની હદ પૂર્ણ ન થાય ત્યાં સુધીનો રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરી તેના વૈકલ્પિક ડાયવર્ઝનવાળો રસ્તો નીચે મુજબ છે.
અસા- ઉમલ્લા- રાજપીપળા-દેવળીયા-તિલકવાડા-ડભોઈ રસ્તાનો ઉપયોગ કરવો

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખથી અન્ય બીજુ કોઈ જાહેરનામું પ્રસિધ્ધ ન થાય ત્યાં સુધી સદર રસ્તો વહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનો ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશ.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા(ગ્રામ્ય) ના ઓએ જરૂરી પોલીસ હોમ ગાર્ડ મુકી ટ્રાફીક ફાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરેલ છે.

અનિલ ધામેલીયા
જિલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.03.09 15:15:02 IST